તા.૨૧/૦૬/૨૦૧૬

પ્રતિ,
આચાર્ય,
વડોદરા.

વિષય÷વડોદરા જીલ્લા કક્ષાએ **નેશનલ સાયંસ ડ્રામા ફેસ્ટીવલ-૨૦૧૬ નું** આયોજન કરવા બાબત.

લોક વિજ્ઞાન કેન્દ્ર, વડોદરા વિવિધ વૈજ્ઞાનિક કાર્યક્રમોનુ આયોજન કરે છે. આ કાર્યક્રમો પૈકીનો એક કાર્યક્રમ નેશનલ સાયંસ ડ્રામા ફેસ્ટીવલ છે. જે દર વર્ષે નેશનલ કાઉન્સિલ સાયંસ મ્યુઝીયમ દ્વારા વિજ્ઞાન સંબંધિત વિષય પર યોજવામાં આવે છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શાળાઓના તેજસ્વી વિદ્યાર્થીઓની ક્ષમતાઓને બહાર લાવવાનો તથા ગ્રામ્ય વિસ્તારમાં વૈજ્ઞાનિક જાગૃતિ લાવવાનો છે. આ વર્ષે નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝીયમ, મુંબઇ તથા નહેરૂ સાયન્સ સેન્ટર, મુંબઇ દ્વારા "નેશનલ સાયંસ ડ્રામા ફેસ્ટીવલ"નું આયોજન કરેલ છે. જેમાં ધોરણ ૧૦ સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.

નેશનલ સાયંસ ડ્રામા રાષ્ટ્રીય કક્ષાની શ્રેષ્ઠ સ્પર્ધાઓમાની એક છે. નેશનલ સાયંસ ડ્રામા ફેસ્ટીવલ કાર્યક્રમના ભાગ રૂપે ગુજરાત રાજ્યમાં દરેક જિલ્લા તેમજ રાજ્ય લેવલે સાયંસ ડ્રામા નું આયોજન કરવાનું વિચારેલ છે.

વડોદરા જિલ્લા લેવલે યોજાનાર નેશનલ સાયંસ ડ્રામા ફેસ્ટીવલનુ આયોજન પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, વડોદરા દ્વારા કરાઇ રહેલ છે.

**આથી આ સ્પર્ધામા ભાગ લેવા ઇચ્છતી શાળાઓએ નાટકમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના નામ તથા નાટકની સ્ક્રીપ્ટની નકલ એન્ટ્રી ફોર્મ સાથે તારીખ ૧ લી ઓગષ્ટ-૨૦૧૬ સુધીમાં પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, વડોદરાને મોકલાવી આપવા જણાવવામાં આવે છે. સ્ક્રીપ્ટ હિન્દી અથવા અંગ્રજીમાં સુવાચ્ય અક્ષરે કાગળની એક તરફ લખેલ હોવી જોઇએ.**

તમામ એન્ટ્રીમાંથી વિશેષજ્ઞ દ્વારા ચયન કરાયેલ નાટયટીમના વિદ્યાર્થીઓએ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, વડોદરા ખાતે સ્પર્ધાત્મક ડ્રામા માટે ભજવવા આવવાનું રહેશે, જેમાં વિજેતા નિવડેલ વિદ્યાર્થીઓને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાની તથા ત્યાર બાદ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાની તક મળશે.

નેશનલ સાયંસ ડ્રામા ૨૦૧૬ કાર્યક્રમના ભાગરૂપે વડોદરા જીલ્લા કક્ષાએ નેશનલ સાયંસ ડ્રામાનુ આયોજન **૦૪/૦૮/૨૦૧૬** ના રોજ સવારે ૧૦=૦૦ વાગે પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,વડોદરા, આરતી સોસાયટી,આત્મજ્યોતિ આશ્રમ રોડ, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩. ખાતે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.
વધુ વિગત માટે **૦૨૬૫-૨૩૮૯૭૪૯ મો.૯૮૨૫૯૧૬૮૭૪ શ્રી દિનેશ ગાંધી,સંયોજકશ્રીનો** સંપર્ક સાધવા વિનંતી.
આભાર સહ,

ડૉ. જીતેન્દ્ર ગવળી
નિયામકશ્રી
લોક વિજ્ઞાન કેન્દ્ર, વડોદરા

**ખાસ નોંધ :-(૧) ડ્રામાની નકલ સાથે વિદ્યાર્થીઓના નામ, સરનામું અને ફોન નંબર, ઇ-મેલ તથા શાળાની વિગત સામેલ કરવાની રહેશે. (૨) નેશનલ સાયંસ ડ્રામા ફેસ્ટીવલ સ્પર્ધાના વિષયો તથા નિયમો આ સાથે સામેલ છે. (૩) નોંધણી ફોર્મ**